# અમારા વિશે

**માનવ ગરિમા ફાઉન્ડેશન (MGF)** એ વાલ્મિકી સમુદાય સાથે પાયાના સ્તરે કાર્ય કરતી સંસ્થા છે. વાલ્મિકી સમુદાયના લોકો હાથથી ગટર તથા ખાળકુવાને સાફ કરવાં અને ખુલ્લામાં શૌચ કરવામાં આવેલા સ્થળોએથી માનવમળ દૂર કરવા જેવી અમાનવીય કામગીરી સાથે જોડાયેલાં રહ્યાં છે. MGF રસ્તાઓ, રહેણાંક તથા વ્યાપારી સંકુલોની સફાઈ અને કચરો એકત્રિત કરવાના કામમાં જોડાયેલા સફાઈ કર્મચારીઓ સાથે પણ કાર્ય કરે છે. MGF નો ઉદ્દેશ્ય હાથથી માનવમળ સાફ કરવાની (manual scavenging) પ્રથાનો અંત લાવવાનો, સફાઈ કર્મચારીઓમાં સલામતીનાં સાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો અને સમુદાયના સામાજિક - આર્થિક સશક્તિકરણ માટે કાર્ય કરવાનો છે.

વર્ષ 2003 માં જનવિકાસ દ્વારા એક નાનકડી પહેલ તરીકે અમારી યાત્રાની શરૂઆત થઈ. સમુદાયના એક આગેવાનને સહયોગ આપવામાં આવ્યો, જેમણે મેનહોલ (ભૂગર્ભ ગટર)ની સફાઈ દરમિયાન થતા કામદારોના મૃત્યુ અને જ્યાં સમુદાય રહેતો હતો ત્યાંથી ફૂટપાથ પર રહેતા લોકોની હકાલપટ્ટી જેવા પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કર્યું. શહેરી વિસ્તારોમાં આ પ્રશ્નો અત્યંત ગંભીર છે અને તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે તે સમજાયું. ત્યારબાદ "ગરિમા" નામનો લાંબા ગાળાનો કાર્યક્રમ વિકસાવવામાં આવ્યો, જે વ્યાપક રીતે માનવ ગરિમા તરીકે પણ ઓળખાય છે. હવે તે એક નોંધાયેલ સંસ્થા છે અને જનવિકાસથી અલગ થઈને સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. જ્યાં જરૂર હોય ત્યાં જનવિકાસ માનવ ગરિમા ફાઉન્ડેશનને સતત નિ:શર્ત સહયોગ આપે છે. ગુજરાતમાં મળેલા અમારા અનુભવના આધારે જનવિકાસે 2010 થી 2018 દરમિયાન પાંચ રાજ્યોમાં આ મુદ્દા પર 10 સમુદાય આધારિત સંગઠનો (CBOs) ને પણ સહયોગ આપ્યો હતો. આજે આમાંથી કેટલીક CBOs તેમના રાજ્યોમાં મહત્વપૂર્ણ યોગદાન માટે જાણીતી બની છે.

હાલમાં અમે પાંચ શહેરોમાં વાલ્મિકી સમુદાયના **3,000 થી વધું પરિવારો** સાથે કાર્ય કરીએ છીએ: **અમદાવાદ, પેટલાદ, ખંભાત, સોજીત્રા અને નડિયાદ.**

# અમારા કાર્યને સહયોગ આપો

**તમે નીચેના કાર્યો માટે અમારા કાર્યને સહયોગ આપી શકો છો:**

- બાળકોના શિક્ષણ માટે.
- વૈકલ્પિક આજીવિકા માટે યુવાનોને તાલીમ આપવા.
- અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત સફાઈ કર્મચારીઓ માટે સલામતીનાં સાધનોની ખરીદી અને સલામત સફાઈની સારી પદ્ધતિ વિકસાવવા.
- સમુદાયના કાર્યકરો માટે ફેલોશિપ સહાય.
- સમુદાય નેતૃત્વ વિકાસ માટેની તાલીમ.




# અમારો સંપર્ક કરો


manavgarimafoundation.gujarat@gmail.com

www.manavgarimafoundation.in

સી-૧૦૫, રોયલ ચિન્મય, આઈઓસી પેટ્રોલ પંપની સામે, બોડકદેવ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૪


**અમને ફોલો કરો.**

ગરિમા | સલામતી | સશક્તિકરણ













# માનવ ગરિમા ફાઉન્ડેશન

## અમારી દૃષ્ટિ (VISION)

અમે એવા સમાજની કલ્પના કરીએ છીએ જ્યાં સ્વચ્છતા જાળવવામાં સમાજ વધું સભ્ય અને જવાબદાર બને તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ભૂગર્ભ ગટર અને ખાળકુવાની હાથથી થતી સફાઈ તેમજ અસુરક્ષિત રીતે રસ્તાઓ અને કચરાની સફાઈને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે વધું જવાબદાર બને.

## અમારું ધ્યેય (MISSION)

સફાઈના વ્યવસાયમાં ટેકનોલોજી અને સલામતીનાં સાધનોના ઉપયોગ માટે સમાજ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને સફાઈ કર્મચારીઓ સાથે મળીને કાર્ય કરવું. સાથે સાથે, શિક્ષણ, વૈકલ્પિક આજીવિકા, પોષણ અને સ્વચ્છતા, નેતૃત્વ વિકાસ વગેરે દ્વારા વાલ્મિકી સમુદાયને સશક્ત બનાવવો, જેથી તેઓ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે.




## અમારા કાર્યના મુખ્ય ક્ષેત્રો

**હાથથી માનવમળ સાફ કરવાની (manual scavenging) પ્રથા નાબૂદ કરવી અને સલામત સ્વચ્છતાને પ્રોત્સાહન આપવું**
અમે જાગૃતિ, કાનૂની કાર્યવાહી, સલામતી માટેની ટેકનોલોજી, મૃત્યુ પામેલા સફાઈ કર્મચારીઓના પરિવારોને વળતર મેળવવામાં સહાય અને 2013ના કાયદાના અમલીકરણ દ્વારા હાથથી માનવમળ સાફ કરવાની પ્રથાનો અંત લાવવા તથા સફાઈ કામદારોના મૃત્યુ અટકાવવા માટે કાર્ય કરીએ છીએ.

**પાયાનું શિક્ષણ (ધોરણ 1 થી 5)**
અમારા સમુદાય આધારિત શિક્ષણ કેન્દ્રો પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, તાલીમબદ્ધ શિક્ષકો, શિક્ષણ સામગ્રી અને વાલીઓની ભાગીદારી દ્વારા બાળકોમાં સાક્ષરતા, સંખ્યાજ્ઞાન અને વિજ્ઞાનના પાયાના જ્ઞાનને મજબૂત બનાવે છે.

**કારકિર્દી માર્ગદર્શન અને યુવા વિકાસ**
અમે યુવાનોને કારકિર્દી માર્ગદર્શન, અંગ્રેજીમાં સંવાદ કૌશલ્ય, કમ્પ્યુટર કૌશલ્ય તેમજ શિક્ષણ અને રોજગારની તકો મેળવવામાં સહાય કરીએ છીએ.

**ગૌરવપૂર્ણ આજીવિકા**
ડ્રાઇવિંગ, બ્યુટી સેવાઓ, મોબાઇલ રિપેરિંગ, ફૂડ કાર્ટ અને સ્વરોજગાર જેવા ક્ષેત્રોમાં કૌશલ્ય તાલીમ અને સહાય દ્વારા અમે યુવાનો અને યુવતીઓ માટે સ્વરોજગાર તથા વૈકલ્પિક આજીવિકાને પ્રોત્સાહન આપીએ છીએ.

**સફાઈના કામમાં સલામતી અને સ્વચ્છતા**
અમે સલામતીનાં સાધનો, સ્વસ્થ કાર્યસ્થળની પદ્ધતિઓ અને સફાઈના કામને વધું સલામત તથા ગૌરવપૂર્ણ બનાવવા માટે વ્યવહારુ ઉકેલોને પ્રોત્સાહન આપીએ છીએ.

**પોષણ અને સ્વચ્છતા**
પોષણ, સ્વચ્છતા અને સમગ્ર સમુદાયના સુખાકારીમાં સુધારો લાવે તેવી ટકાઉ પદ્ધતિઓને અમે પ્રોત્સાહિત કરીએ છીએ.

**અધિકારપત્રો સુધી પહોંચ**
અમે પરિવારોને સરકારી યોજનાઓ, જરૂરી દસ્તાવેજો, હક-લાભ માટેના કાર્ડ અને મૂળભૂત નાગરિક સુવિધાઓ મેળવવામાં સહાય કરીએ છીએ.

## અમારા કામની અસર

**1,141** સ્થળો જ્યાં હાથથી માનવમળ સાફ થતું હતું તેને તોડી પાડવામાં આવ્યાં

**1,927** વ્યક્તિઓએ હાથથી માનવમળ સાફ કરવાનું કામ છોડ્યું.

**11,145** સફાઈ કર્મચારીઓને સલામતીનાં સાધનો પૂરા પાડવામાં આવ્યાં.

**₹23.22Cr** સફાઇ કર્મચારીઓના મૃત્યુના 179 અસરગ્રસ્ત પરિવારો માટે વળતર મેળવવામાં આવ્યું.

**31,934** લોકોને અધિકારપત્રો મેળવવામાં ટેકો કરવામાં આવ્યો.

**4,718** યુવાઓને વૈકલ્પિક આજીવિકા તરફ આગળ વધવા માટે ટેકો કરવામાં આવ્યો.

**1,861** સમુદાયના આગેવાનોને તાલીમ આપવામાં આવી.

**4,324** બાળકોને શાળામાં પ્રવેશ મેળવવા માટે ટેકો કરવામાં આવ્યો.

**2,036** પરિવારોને યોગ્ય આવાસ મેળવવામાં ટેકો કરવામાં આવ્યો.